Seat No. : _______________

# TJ-103

**B.A. Sem.-I**
**May-2013**

## Gujarati – EC-I-104

**(ઝેર તો પીધાં છે જાણી જાણી – ૧)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

૧. (અ) નવલકથાના વ્યાવર્તક લક્ષણોની ચર્ચા કરો. ૭

**અથવા**

નવલકથાનું સાહિત્ય સ્વરૂપ જણાવો.

(બ) ગુજરાતી નવલકથાના ઉદ્‌ભવ અને વિકાસની રૂપરેખા આલેખો. ૭

**અથવા**

ગુજરાતી સાહિત્યક્ષેત્રે દર્શકના પ્રદાનનું મૂલ્યાંકન કરો.

(ક) 'ઝેર તો પીધાં છે જાણી-જાણી' ભાગ-૧ નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. ૭

**અથવા**

'ઝેર તો પીધાં છે જાણી-જાણી' ભાગ-૧ ની પાત્રસૃષ્ટિનો પરિચય કરાવો.

(ડ) 'તમારા મિત્રના પિતાજીનું એક કાર અકસ્માતમાં કરુણ અવસાન થયું છે.' આ દુઃખદ પ્રસંગે તમારા મિત્રને હિંમત અને આશ્વાસન આપતો પત્ર લખો. ૭

**અથવા**

બી.એ. સેમેસ્ટર-૧ માં પ્રવેશ મેળવનાર તમારા મિત્રને ગુજરાતી મુખ્ય વિષય તરીકે રાખવાનું મહત્ત્વ સમજાવતો પત્ર લખો.

૨. (અ) દર્શકના સર્જક વ્યક્તિત્વને ઘડનારા પરિબળો જણાવો. ૪

**અથવા**

અચ્યુતનું પાત્રાલેખન.

(બ) કોઈપણ **બે** કહેવતનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. ૪

(૧) અક્કરમીનો પડિયો કાણો

(૨) વિનાશકાળે વિપરીત બુદ્ધિ

(૩) એક નન્નો સો દુઃખ હણે

(૪) માથા કરતાં પાઘડી મોટી

(ક) કોઈપણ **બે** રૂઢિપ્રયોગ વાક્યમાં પ્રયોગ કરી સમજાવો. ૪

(૧) માથું મારવું

(૨) અખાડા કરવા

(૩) પેટે પાટા બાંધવા

(૪) નાક કપાવું

(ડ) શબ્દસમૂહ માટે **એક** શબ્દ આપો. (કોઈપણ **ચાર**) ૪

(૧) જેમાં પાન ખરે છે એ ઋતુ.

(૨) અંગ વગરનો પ્રેમનો દેવ

(૩) બે જણ વચ્ચે ખેલાતું યુદ્ધ

(૪) ઈચ્છા મુજબ ફરવું તે

(૫) ડાબા-જમણા બંને હાથે તીરંદાજી કરી શકે તે

(૬) અશુભ સમાચારનો પત્ર

૩. (અ) દામાકાકાએ ભાખેલી ભવિષ્યવાણીઓ સાચી પડે છે ? શી રીતે ? ૩

**અથવા**

રોહિણી હેમંતનો જીવ કઈ રીતે બચાવે છે ?

(બ) પત્નીની પાછળ માંડણ ભગત શા માટે દોડવા માંડ્યા ? ૩

**અથવા**

ગોપાળબાપાના મૃત્યુ પછીની એકલી પડી ગયેલી રોહિણીની સ્થિતિ વર્ણવો.

(ક) સત્યકામ શા માટે પૂનમના દિવસે વાડીએ પાછો ન આવી શક્યો ? ૩

**અથવા**

અચ્યુત પોતાની માતાનું શ્રાદ્ધ સરાવવાની શા માટે ના પાડે છે ?

(ડ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (કોઈપણ **એક**) ૩

(૧) 'દાઝી ગયેલું બી ઊગતું નથી.'

(૨) 'મારાથી મારા જ પ્રેમને નહીં ખાઈ શકાય.'

૪. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો : **૧૪**

(૧) 'મનુભાઈ પંચોળી' નું મૂળ વતન કયું હતું ?

(અ) પંચાશિયા (બ) વાંકાનેર

(ક) અમદાવાદ (ડ) વઢવાણ

(૨) મનુભાઈ પંચોળીના દાદાનું નામ શું હતું ?

(અ) હરજીવનભાઈ (બ) જગજીવનભાઈ

(ક) જગદીશભાઈ (ડ) જગતભાઈ

(૩) મનુભાઈ પંચોળી ભાવનગરની કઈ સંસ્થામાં ગૃહપતિ હતા ?

(અ) શિશુવિહાર (બ) દક્ષિણામૂર્તિ

(ક) ઘરશાળા (ડ) ગાંધીસ્મૃતિ

(૪) મનુભાઈ પંચોળી ગુજરાત રાજ્યમાં કયા ખાતાના પ્રધાન હતા ?

(અ) ગૃહખાતુ (બ) નાણાંખાતુ

(ક) શિક્ષણખાતુ (ડ) મહેસુલ

(૫) મનુભાઈ પંચોળીનું અવસાન કઈ સાલમાં થયું હતું ?

(અ) ઈ.સ. ૧૯૯૫ (બ) ઈ.સ. ૧૯૯૯

(ક) ઈ.સ. ૨૦૦૧ (ડ) ઈ.સ. ૨૦૦૫

(૬) 'ઝેર તો પીધાં છે જાણી-જાણી' ભાગ-૧ નવલકથા કઈ સાલમાં પ્રકાશિત થઈ ?

(અ) ઈ.સ. ૧૯૫૨ (બ) ઈ.સ. ૧૯૫૪

(ક) ઈ.સ. ૧૯૫૬ (ડ) ઈ.સ. ૧૯૫૮

(૭) 'ઝેર તો પીધાં છે જાણી-જાણી' ભાગ-૧ નવલકથામાં કુલ કેટલા પ્રકરણો છે ?

(અ) એક (બ) બે

(ક) ત્રણ (ડ) ચાર

(૮) 'જલિયાંવાલા' કૃતિનું સાહિત્ય સ્વરૂપ જણાવો.

(અ) નવલકથા (બ) નાટક

(ક) નિબંધ (ડ) વિવેચન

(૯) ઈ.સ. ૧૯૮૭માં ઝેર તો પીધાં છે જાણી-જાણી નવલકથાને મળેલ પુરસ્કારનું નામ જણાવો.

(અ) 'રણજિતરામ સુવર્ણચંદ્રક' (બ) 'ગુજરાત સાહિત્ય પરિષદ'

(ક) 'મૂર્તિદેવી પુરસ્કાર' (ડ) 'ગુજરાત સાહિત્ય અકાદમી'

(૧૦) દર્શકની કઈ નવલકથાને 'સરસ્વતી સન્માન'નો પુરસ્કાર મળેલ છે ?

(અ) 'બંદીઘર' (બ) 'સૉક્રેટિસ'

(ક) 'ઝેર તો પીધાં છે જાણી-જાણી' (ડ) 'કુરુક્ષેત્ર'

(૧૧) 'મંદારમાલા' નું સાહિત્ય સ્વરૂપ જણાવો.

(અ) નવલકથા (બ) નાટક

(ક) નિબંધ (ડ) વિવેચન

(૧૨) ગણરાજ્ય આધારિત દર્શકની નવલકથાનું નામ આપો.

(અ) 'બંદીઘર' (બ) 'દીપનિર્વાણ'

(ક) 'કુરુક્ષેત્ર' (ડ) 'સૉક્રેટિસ'

(૧૩) દર્શકની ચરિત્રસાહિત્યના સ્વરૂપની કૃતિનું નામ આપો.

(અ) 'બંદીઘર' (બ) 'પરિત્રાણ'

(ક) 'ત્રિવેણીતીર્થ' (ડ) 'ટૉલ્સટોય'

(૧૪) નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી-જાણી' પંક્તિ કોના ભજનની પંક્તિ છે ?

(અ) નરસિંહ (બ) પ્રેમાનંદ

(ક) મીરાંબાઈ (ડ) માંડણ ભગત

---